વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી—૩૯૬૪૫૦

## પરિપત્ર

જયભારત સહ જણાવવાનું કે, શ્રી ઓ.પી. કોહલી, માનનીય રાજયપાલશ્રી, ગુજરાત રાજય તા.૧૫/૦૧/૨૦૧૬ ના રોજ યોજાનાર યુનિવર્સિટીના અગિયારમા વાર્ષિક પદવીદાન પ્રસંગે નવસારી ખાતે પધારનાર છે. તેઓશ્રીના ટૂંકા રોકાણ દરમ્યાન ગેસ્ટહાઉસ ખાતે આપણી યુનિવર્સિટીના નીચે દર્શાવેલ વિભાગોની ટેકનોલોજી પ્રદર્શિત કરવાનું નકકી કરવામાં આવેલ છે. આ માટે અદ્યતન ટેકનોલોજીના જીવંત નમૂનાઓ, રેપ્લીકા, મોડેલ્સ, પ્રોડકટસ વિ. જે તે વિભાગે **તા.૧૫/૦૧/૨૦૧૬ના રોજ સવારે ૮.૩૦ કલાકે** યુનિવર્સિટી હસ્તકના વી.આઈ.પી. ગેસ્ટહાઉસ ખાતે ગોઠવીને પ્રદર્શિત કરવાના રહેશે.

| અ.નં. | પાક/કૃષિ ટેકનોલોજી | વિભાગનું નામ |
|---|---|---|
| ૧ | શેરડી | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, શેરડી સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી |
| ૨ | કપાસ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કપાસ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., સુરત |
| ૩ | ડાંગર | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી |
| ૪ | જુવાર | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જુવાર સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., સુરત |
| ૫ | હલકાં ધાન્ય | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, હલકાં સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ |
| ૬ | ફળ અને ફૂલ | આચાર્યશ્રી, અસ્પી બાગાયત—વ—વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૭ | પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી—મૂલ્યવર્ધન | આચાર્યશ્રી, અસ્પી બાગાયત—વ—વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૮ | જૈવિક ખાતરો અને જૈવિક નિયંત્રણ | પ્રાધ્યાપકશ્રી, પેથોલોજી/કીટકશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી |
| ૯ | કેળના નકામા થડમાંથી મૂલ્યવૃધ્ધિ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), નકૃયુ, નવસારી |
| ૧૦ | મત્સ્યપાલન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), નકૃયુ, નવસારી |

ઉપરોકત વિભાગોના વડાઓએ તેઓના વિભાગની પ્રદર્શન સામગ્રી સાથે **તા.૧૫/૦૧/૨૦૧૬ના રોજ સવારે ૮.૩૦ કલાકે** યુનિવર્સિટીના ગેસ્ટહાઉસ ખાતે હાજર રહીને જરૂરી ગોઠવણી કરવાની રહેશે.

ઉપરોકત પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવીને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.ન. નકૃયુ/વિશિનિ/ટી—૨/વેબ—૬૪/૨૦૧૬
નવસારી તા.૧૩/૦૧/૨૦૧૬

**નકલ જયભારત સહ રવાના પ્રતિ :**

૧. સંશોધન નિયામકશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારૂં.
૨. ડીનશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારું.
૩. ઉપરોકત તમામ વિભાગોના વડાઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.
૪. અત્રેની કચેરીમાં શ્રી જે.એન.ઝાલા અને શ્રી યુ.સી.પાંડે તરફ અમલ થવા સારું.
૫. અત્રેની કચેરીમાં પ્રો.બી.સી.નાયક...ઉપર મુજબની કામગીરીના કન્વીનર તરીકે જરૂરી સંકલન કરવા સારું.
૬. અત્રેની કચેરીમાં પ્રો. શ્રી એસ.આર. કુંભાણી...ઉપર મુજબની કામગીરીના સહ કન્વીનર તરીકે ઘટતું થવા સારું.